આણંદ કૃષિ યુનિવર્સિટી,

આણંદ

**The right to information Act 2005 Pro Active Discloser**

# પ રિ પ ત્ર

આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ જાહેર માહિતી અધિકારીઓને જણાવવાનું કે, સર્વે જાહેર સંસ્થાઓ/ જાહેર સત્તા મંડળના કામકાજમાં પારદર્શીતા અને ઉત્તર દાયિત્વની ગુણકક્ષામાં વધારો થાય તેવા શુભ આશયથી નાગરિકોને માહિતી પ્રાપ્ત કરવાનો અધિકાર બક્ષતો The right to information Act 2005 હેઠળ સરકારશ્રી તરફથી મળેલ સુચના તેમજ અગાઉ જારી કરેલ પરિપત્રમાં દર્શાવેલ સુચનાઓને ખાસ ધ્યાને લઇ માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૪(૧)(ખ) હેઠળ દરેક જાહેર સત્તા મંડળોએ જાહેર કરવાની થતી ૧૭ મુદાઓની માહિતી (પ્રો-એકટીવ ડીસ્કલોઝર) પ્રસિધ્ધ કરવા અને નિયમિત અધતન કરવા જાણ કરવામાં આવે છે તે મુજબ તા.૦૧-૦૫-૨૦૨૪ની પરિસ્થિતિએ અધતન કરી હાર્ડ કોપી તેમજ સોફ્ટ કોપીમાં પ્રમાણપત્ર એનેક્ષર-બી સાથે માહિતી દિન-૧૦માં આ કચેરીને મોકલી આપવા વિનંતી છે. (માહિતીની સોફ્ટ કોપી પેન ડ્રાઇવમાં રૂબરૂ લીગલ શાખામાં આપી જવી અથવા dhv@aau.in ના ઇ-મેઇલ પર મોકલી આપવી.)

વધુમાં સદરહું માહિતી સરકારશ્રીમાં મોકલવાની થતી હોઇ જે કોઇ કચેરી તરફથી સમય મર્યાદામાં માહિતી મળવામાં નહિ આવે અને જે કચેરીની માહિતી સરકારશ્રીમાં મોકલવાની રહી જવા પામશે તો તે અંગેની તમામ જવાબદારી જે તે જાહેર માહિતી અધિકારીની અંગત રહેશે. જેની નોંધ લેવી.

જા.નં.આકૃયુ/રજી/લીગલ/સીસી.૨/ 364 /૨૦૨૪

તા.૨ /૫/૨૦૨૪

કુલસચિવ

**<u>નકલ સવિનય રવાના જાણ તેમજ અમલ થવા સારૂ.</u>**

આ યુનિવર્સિટીના સર્વે જાહેર માહિતી અધિકારી/મદદનીશ જાહેર માહિતી અધિકારીઓ તરફ જાણ તેમજ સરકારશ્રીએ અગાઉ આપેલ સુચના અનુસાર અમલ કરવા વિનંતી છે.

## <u>એનેક્ષર - બી</u>
## <u>પ્રમાણપત્ર</u>

આથી પ્રમણિત કરવામાં આવે છે કે, માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૪ અંતર્ગત સ્વયં જાહેર કરવાની બાબતો પ્રોએક્ટીવ ડીસ્કલોઝર (PAD) મારા વિભાગ ધ્વારા તૈયાર કરવામાં આવેલ છે અને તા.૧.૫.૨૦૨૪ ની સ્થિતિએ અમારી મંજૂરી મેળવી અદ્યતન કરવામાં આવેલ છે.

તા. -૦૫-૨૦૨૪

કચેરીના વડાની સહીઃ ............................

કચેરીના વડાનું નામઃ

વિભાગનું નામ :